

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 008
Dt.: 12-11-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### બિહાર બીજા તબક્કાના મતદાનમાં નવો રેકોર્ડ બનાવી શકે છે

# બિહારમાં બીજા તબક્કામાં રેકોર્ડબ્રેક ૬૭.૧૪ ટકા મતદાન

## વધુ મતદાન બાદ હવે તમામ રાજકીય પક્ષો પોતપોતાનાં સમીકરણો તપાસી રહ્યા છે કે વધુ મતદાનની અસર શું થશે?



(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૨૨ બેઠકનું મતદાન આજે શરૂ થઈ ગયું છે. આ મતદાનમાં ૩.૭૦ કરોડ મતદાતાઓ નીતિશકુમારની સરકારના અડધા ડઝન મંત્રીઓ સહિત કુલ ૧૩૦૨ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. પશ્ચિમ ચંપારણ, પૂર્વી ચંપારણ, સીતામઢી, મધુબની, સુપૌલ, અરેરિયા અને કિશનગંજ સહિત ૧૧ જિલ્લામાં મતદાન યોજાયું. બધા વિસ્તાર નેપાળની સાથે સરહદ ધરાવતા ક્ષેત્ર છે.

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં બમ્પર મતદાન થયું છે. વહેલી સવારથી જ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. સાંજે ૫ વાગ્યા સુધીમાં રેકોર્ડબ્રેક ૬૭.૧૪ ટકા મતદાન થયું. વધુ મતદાન બાદ હવે તમામ રાજકીય પક્ષો પોતપોતાનાં સમીકરણો તપાસી રહ્યા છે કે વધુ મતદાનની અસર શું થશે?

બિહાર બીજા તબક્કાના મતદાનમાં નવો રેકોર્ડ બનાવી શકે છે. બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૦.૪૦ ટકા મતદાન થયું છે.

અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૦૦ની વિધાનસભા ચૂંટણીમાં ૬૨.૫૭ ટકા મતદાન થયું હતું. ૧૯૯૮ની લોકસભા ચૂંટણીમાં ૬૪.૬ ટકા મતદાન થયું હતું. એકંદરે, ૧૯૯૮ની લોકસભા ચૂંટણીમાં બિહારમાં સૌથી વધુ મતદાનનો રેકોર્ડ છે. આ વખતે, તે રેકોર્ડ પણ તૂટી શકે છે. બિહાર ચૂંટણીના બીજા તબક્કામાં ૨૦ જિલ્લાઓની ૧૨૨ વિધાનસભા બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. બપોરે ૧ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી ૪૭ ટકાને વટાવી ગઈ હતી. બપોરે ૧ વાગ્યા સુધી મતદાન ૪૭.૬૨ ટકા હતું. પહેલા તબક્કામાં બપોરે ૧ વાગ્યા સુધી ૪૨.૩૧% મતદાન થયું હતું.

અરરિયાના ફારબિસગંજમાં ભાજપ અને કોંગ્રેસના સમર્થકો વચ્ચે અથડામણ થઈ. પરિસ્થિતિ વધુ વણસી રહી હતી જેના કારણે સુરક્ષા કર્મચારીઓએ બળપ્રયોગ કરવો પડ્યો.

આ ઘટના ફારબિસગંજ કોલેજના બૂથ નંબર ૧૯૮ પર બની હતી. કોંગ્રેસના સમર્થકોનો આરોપ છે કે ભાજપના ધારાસભ્ય અને NDA ઉમેદવારે કોંગ્રેસના મતદારોને માર મારવાની હાકલ કરી હતી.

આ કોલ બાદ ઉશ્કેરાયેલા કોંગ્રેસ કાર્યકરોએ મતદાન મથકની બહાર હોબાળો મચાવ્યો હતો. લગભગ અડધા કલાકની અશાંતિ બાદ સુરક્ષા કર્મચારીઓએ પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી.

આ અંગે SDO રણજીત કુમાર રંજને જણાવ્યું હતું કે પરિસ્થિતિનો ઉકેલ આવી ગયો છે અને કોઈ લાઠીચાર્જ થયો નથી.

આ ગરબડીઓ વચ્ચે, પૂર્ણિયાના અપક્ષ સાંસદ પપ્પુ યાદવે આરોપોની આગમાં વધુ ઘી હોમ્યું છે. તેમનું કહેવું છે કે, ''ઘણા બૂથો પર મતદારો પર લાઠીચાર્જ થઈ રહ્યો છે અને ઘણી જગ્યાએ મશીનો ખરાબ છે. લોકશાહીમાં આ ખોટું છે... સીમાંચલ અને કોસી જેની સાથે ઉભા રહે છે, તે જ સરકાર બનાવે છે.'' પ્રશાસનનું કહેવું છે કે ટેકનિકલ ટીમોને તાત્કાલિક મોકલી દેવામાં આવી છે અને મતદાન પ્રક્રિયાને સામાન્ય બનાવવાનો પ્રયાસ ચાલુ છે.

બિહાર ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં વહેલી સવારે મતદાન માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બિહાર ચૂંટણીના બીજા તબક્કામાં સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૪.૫૫% મતદાન થયું છે.

બીજા તબક્કાના મતદાનમાં કુલ ચાર લાખથી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે. કુલ ૪૫૩૯૯ મતદાન મથકો પર મતદાન થશે, તેમાથી ૪૦૦૭૩ મતદાન મથક ગ્રામીણ વિસ્તારમાં આવેલા છે. કુલ મતદાતાઓમાં અડધા ઉપરાંતના એટલે કે ૨.૨૮ કરોડ જેટલા મતદાતા ૩૦ થી ૬૦ વર્ષની વયના છે. જ્યારે ફક્ત ૭.૬૯ લાખ મતદાતા જ ૧૮ થી ૧૯ વર્ષના વયજૂથમાં છે.

૧૨૨ મતવિસ્તારોમાં મહિલા મતદારોની સંખ્યા ૧.૭૫ કરોડ છે. ૩.૬૭ લાખ મતદારો સાથે નવાડા જિલ્લાની હિસુઓ બેઠક સૌથી મોટો મતવિસ્તાર છે. જ્યારે લૌરિયા, ચંપતિયા, રાક્સોલ, ત્રિવેણીગંજ, સુગૌલી અને બન્મખીમાં સૌથી વધુ ૨૨-૨૨ ઉમેદવાર મેદાનમાં ઉતર્યા છે. ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કામાં ૧૨૧ મતવિસ્તારોમાં ૬૫ ટકા જેટલું ઊંચું મતદાન થયું છે.

મોટાભાગના જિલ્લા સીમાંચલમાં આવેલા છે અને અહીં મુસ્લિમોની વસ્તી મોટાપાયા પર હોવાથી ઈન્ડિયા બ્લોકના સારા પર્ફોર્મન્સની જવાબદારી તેના શિરે છે. જેડીયુના વરિષ્ઠ નેતા અને શાસક પક્ષના કેબિનેટ પ્રધાન બિજેન્દ્રપ્રસાદ યાદવ સળંગ રેકોર્ડ બ્રેક સળંગ આઠમી વખત તેમની સુપૌલની સીટ જાળવવા મેદાનમાં ઉતરશે.આ જ રીતે તેમના કેબિનેટના સહયોગી અને ભાજપના વરિષ્ઠ નેતા પ્રેમકુમાર પણ આઠમી વખત તેમની સીટ જાળવવા મેદાનમાં ઉતરશે. અન્ય જાણીતા ચહેરોઓમાં જોઈએ તો ભાજપના મંત્રી બેટ્ટિયાના રેણુદેવી અને છતપુરના નીરજકુમાર જેવા જાણીતા ચહેરાની પણ બરોબરની કસોટી થશે. આ સિવાય જેડીયુના લેશીસિંહની ધમદાહા, શીલા મંડલની ફુલપારસ અને ચૈનપુરમાં ઝમાખાનના બળાબળના પારખા થશે.

ભાજપના જ અન્ય જાણીતા ચહેરાઓમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન તારકિશોર પ્રસાદ સળંગ પાંચમી ટર્મ માટે તેમની કટિહાર સીટ જાળવવા ચૂંટણીના જંગમાં ઉતરશે.

કટિહાર જિલ્લો બલરામપુર અને કડવા વિધાનસભા બેઠકો પણ ધરાવે છે. અહીં સીપીઆઈ-એમએલના મહેબૂબ આલમ અને શકીલ એહમદ ખાન તેમની સીટ જાળવવા ત્રીજી વખત ઉતરશે.

### સુપ્રીમ કોર્ટે કહ્યું - તાત્કાલિક છોડો

# નિઠારી હત્યાકાંડમાં ૧૯ વર્ષથી જેલમાં કેદ સુરેન્દ્ર કોલી મુક્ત

## આ કેસ ૨૦૦૫-૨૦૦૭ વચ્ચે નોઈડાના નિઠારી વિસ્તારમાં બાળકીઓની સામૂહિક હત્યા સાથે જોડાયેલો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

નિઠારી કાંડના સૌથી ચર્ચિત આરોપી સુરેન્દ્ર કોલીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે કર્વેટિવ પિટિશનનો સ્વીકાર કરતા તેની અંતિમ સજા રદી કરી દીધી અને તેને સંપૂર્ણ રીતે દોષ મુક્ત જાહેર કરી દીધો છે. આ કેસ ૨૦૦૫-૨૦૦૭ વચ્ચે નોઈડાના નિઠારી વિસ્તારમાં બાળકીઓની સામૂહિક હત્યા સાથે જોડાયેલો છે, જેણે આખા દેશને ચોંકાવી દીધો હતો.

સુરેન્દ્ર કોલી પર કુલ ૧૩ મામલે કેસ ચાલી રહ્યા હતા. જેમાંથી ૧૨ કેસમાં તે પહેલા જ અલ્હાબાદ હાઈકોર્ટથી મુક્ત થઈ ચુક્યો હતો. પરંતુ, એક કેસમાં તેની સજા યથાવત રહી હતી. સુપ્રીમ કોર્ટે હવે આ મામલે ચુકાદો આપતા કહ્યું કે, એક જ પુરાવા અને તથ્યના આધારે ૧૨ કેસમાં મુક્ત થઈ ચુકેલા આરોપીને એક કેસમાં સજા આપવી ન્યાયની વિરૂદ્ધમાં છે.

સુપ્રીમ કોર્ટે સુરેન્દ્ર કોલીને ૧૫ વર્ષીય બાળકીના દુષ્કર્મ અને હત્યાના કેસમાં સામે આવેલા પુરાવાને કમજોર માનીને કહ્યું કે, ગુનો સુદ્ધ નથી થઈ શક્યો. કોર્ટે તેને કોઈ અન્ય કેસમાં કેદ ન હોય તો તેને તુરંત મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. નોંધનીય છે કે, સુરેન્દ્ર કોલી લગભગ ૧૯ વર્ષથી જેલમાં છે. તેની કર્વેટિવ પિટિશને સુનાવણી જાહેર અદાલતમાં થઈ, જે ઘણા કિસ્સાઓમાં ભાગ્યે જ જોવા મળે છે. આ ચુકાદાથી નિઠારી કેસમાં તેની સામેના અંતિમ કેસનો અંત આવ્યો. કોર્ટે જણાવ્યું કે, કર્વેટિવ પિટિશન એ સિસ્ટમમાં થયેલી ભૂલ સુધારવા અને ન્યાય સુનિશ્ચિત કરવાની છેલ્લી તક છે.

નિઠારી હત્યાકાંડ ૨૯ ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ પ્રકાશમાં આવ્યો હતો, જ્યારે નોઈડામાં ઉદ્યોગપતિ મોનિન્દર સિંહ પંઢેરના ઘરની પાછળની ગટરમાંથી આઠ બાળકોના હાડપિંજરના અવશેષો મળી આવ્યા હતા. કોળી પંઢેરના ઘરે નોકર તરીકે કામ કરતો હતો. વધુ તપાસમાં પંઢેરના ઘરની આસપાસથી વધુ હાડપિંજર મળી આવ્યા હતા, જેમાંથી મોટાભાગના ગરીબ બાળકો અને યુવતીઓના હતા જેઓ વિસ્તારમાંથી ગુમ થઈ ગયા હતા. પંઢેર અને કોળી પર બાળકો અને મહિલાઓનું અપહરણ, બળાત્કાર, નરભક્ષણ અને મૃતદેહોને ગટરમાં ફેંકવાના આરોપો લાગ્યા હતા.

ઓક્ટોબર ૨૦૨૩માં, અલ્હાબાદ હાઈકોર્ટે કોળીને ૧૨ કેસોમાં અને પંઢેરને બે કેસોમાં નિર્દોષ જાહેર કર્યા હતા, જોકે ગાઝિયાબાદની સીબીઆઈ કોર્ટે તેમને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૧૪ વર્ષની સગીરાના મૃત્યુ સંબંધિત એક કેસમાં સીબીઆઈ કોર્ટે બંનેને દોષિત ઠેરવ્યા હતા. જોકે, અપીલમાં હાઈકોર્ટે પંઢેરને નિર્દોષ જાહેર કર્યા, પરંતુ કોળીની મૃત્યુદંડની સજા યથાવત રાખી. જાન્યુઆરી ૨૦૧૫માં અલ્હાબાદ હાઈકોર્ટે આ જ કેસમાં દયા અરજીના નિકાલમાં અસાધારણ વિલંબને ટાંકીને કોલીની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી. સીબીઆઈ અને પીડિતોના પરિવારો દ્વારા મુક્તિ સામે દાખલ કરાયેલી તમામ અપીલોને સુપ્રીમ કોર્ટે જુલાઈ ૨૦૨૪માં ફગાવી દીધી હતી. જોકે કોલી આ એક કેસમાં હાઈકોર્ટ દ્વારા આજીવન કેદની સજા મળવાને કારણે જેલમાં જ રહ્યો હતો. આખરે, કોલીની કર્વેટિવ પિટિશનને મંજૂરી મળતાં, સુપ્રીમ કોર્ટે તેના આજીવન કેદની સજાને પણ રદ કરી. આ કેસમાં પોલીસ દ્વારા કુલ ૧૯ FIR નોંધવામાં આવી હતી.

# તમિલનાડુમાં ગેસ સિલિન્ડર ભરેલી ટ્રક પલટી ગઇ

(સંપૂર્ણ સમાચાર સેવા)તમિલનાડ

ગેસ સિલિન્ડરથી ભરેલી એક ટ્રક અચાનક પલટી જતાં તમિલનાડુના અરિયાલૂર જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. મંગળવારે અરિયાલૂર નજીક વરણાવાસી ખાતે ટ્રક ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતા આ એલપીજી સિલિન્ડર ભરેલી ટ્રક પલટી ગઈ હતી.

પરિણામે, સિલિન્ડરમાં આગ લાગી અને એક પછી એક વિસ્ફોટો થવાથી સમગ્ર વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો.

ટ્રક પલટી જતાં ડ્રાઈવર કોઈક રીતે બહાર કૂદી જવામાં સફળ રહ્યો, જેના કારણે તેને મામૂલી ઈજાઓ જ થઈ છે અને તેને અરિયાલૂરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જોકે, ટ્રક સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.






### NCRના અન્ય શહેરોમાં ટૂંક સમયમાં નિર્ણય લેવાશે

# ધો.૫ સુધીની શાળાઓ હવે હાઈબ્રિડ મોડ પર ચાલુ રહેશે

## આ નિર્ણય દિલ્હીની તમામ સરકારી, ખાનગી અને સહાયિત શાળાઓને લાગુ પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ સતત તબાહી મચાવી રહ્યું છે. શિયાળામાં થોડો વધારો થતાં ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે. ઉદાહરણ તરીકે ઘણી જગ્યાએ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૮૦૦થી ઉપર નોંધાયો છે. આને ધ્યાનમાં રાખીને કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ ગ્રેપ ૩ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ પછી દિલ્હી સરકારે હાઈબ્રિડ મોડમાં ધોરણ ૫ સુધીની શાળાઓ ચલાવવાનો પણ નિર્ણય લીધો છે.

વાયુ પ્રદૂષણના પ્રતિભાવમાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)એ GRAP ૩ લાગુ કર્યો છે. આ પછી દિલ્હી સરકારે ધોરણ ૫ સુધીની શાળાઓને હાઈબ્રિડ મોડમાં ચલાવવાનો નિર્દેશ આપ્યો છે. આ નિર્ણય દિલ્હીની તમામ સરકારી, ખાનગી અને સહાયિત શાળાઓને લાગુ પડશે. આનો અર્થ એ છે કે દિલ્હીની તમામ પ્રકારની શાળાઓમાં ધોરણ ૫ સુધીના વર્ગો હાઈબ્રિડ મોડમાં ચાલશે. આ વ્યવસ્થા આગામી સૂચના સુધી અમલમાં રહેશે. દિલ્હી સરકારે ધોરણ ૫ સુધીની શાળાઓને હાઈબ્રિડ મોડમાં ચલાવવાનો નિર્દેશ આપ્યો છે. હાઈબ્રિડ મોડમાં શાળાઓ કેવી રીતે ચાલશે? આ પ્રશ્નનો જવાબ એ છે કે શાળાઓ ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડમાં ચાલશે. ઉદાહરણ તરીકે શિક્ષકોને શાળામાં હાજરી આપવાની જરૂર રહેશે, જ્યારે બાળકોના વર્ગો ઓનલાઈન યોજાશે. જો કે, જો આ સમય દરમિયાન પ્રદૂષણ ઘટે છે તો બાળકોને શાળાએ બોલાવી શકાય છે.દિલ્હી સરકારે હાઈબ્રિડ મોડમાં ધોરણ ૫ સુધીની શાળાઓ ચલાવવાનો નિર્ણય લીધો છે, પરંતુ ગાઝિયાબાદ, નોઈડા, ફરીદાબાદ, ગુરુગ્રામ, સોનીપત જેવા અન્ય NCR શહેરોના જિલ્લા વહીવટીતંત્રે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લીધો નથી, પરંતુ ગ્રેપ-૩ના અમલીકરણ પછી આ સિસ્ટમ અન્ય NCR શહેરોમાં પણ લાગુ કરવામાં આવશે.

ગયા વર્ષે એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ૪ઈછઁ-૩ના અમલીકરણને સ્થાપિત કર્યું હતું, જે હેઠળ જો AQI ૩૫૦થી વધુ થાય તો GRAP-૩ લાગુ કરવામાં આવશે. GRAP-૩ના અમલીકરણ પછી શાળાઓ, કોલેજો અને કોચિંગ સંસ્થાઓ બંધ કરવાનો નિર્ણય લઈ શકાય છે.

# હરિયાણાના ફરીદાબાદમાં ફરી વિસ્ફોટનો જથ્થો મળી આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)હરિયાણા

હરિયાણાના ફરીદાબાદમાં ફરી વિસ્ફોટનો જથ્થો મળી આવતા તમામ વિસ્તારમાં ખળભળાટ જોવા મળ્યો હતો. ફરીદાબાદના સેક્ટર-૫૬માંથી વિસ્ફોટકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસે પથી ૬ લોકોની ધરપકડ કરી છે. ફરીદાબાદમાં ત્રીજા સ્થાનેથી વિસ્ફોટકનો જથ્થો મળી આવ્યો હતો. ફરીદાબાદમાં ગઈકાલે ૨૯૦૦ કિલો વિસ્ફોટક જપ્ત કરાયો હતો. જમ્મૂ-કાશ્મીર અને ફરીદાબાદ પોલીસે સંયુક્ત અભિયાનમાં અલ-ફલાહ મેડિકલ યુનિવર્સિટી એન્ડ હૉસ્પિટલમાંથી વ્હાઈટ કોલર આતંકીને પકડી પાડ્યો હતો. આતંકી ડૉ.મુઝમ્મિવલ શકીલની ધરપકડ બાદ ૨૯૦૦ કિલો વિસ્ફોટકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટકોનો જથ્થો બોમ્બ બનાવવામાં અને બ્લાસ્ટ કરવામાં ઉપયોગ કરવામાં આવવાનો હતો. જે જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તે અમોનિયમ નાઈટ્રેટ કહેવામાં આવી રહ્યુ હતુ. ડૉ.મુઝમ્મિલની મહિલા સાથી ડૉ.શાહીન, જે લાલ બાગ, લખનઉના રહેવાસી છે. તેમને પણ પકડવામાં આવ્યા છે. પોલીસે તેમની ધરપકડ યુનિવર્સિટીમાંથી જ કરી હતી. ડૉ.શાહીને ડૉ.મુઝમ્મિલને એક કાર ઉપલબ્ધ કરી આપી હતી. આ મામલે પોલીસે મસ્જિદના ઈમામ અને અન્ય એક આરોપીની ધરપકડ કરી હતી. જેઓએ આ વિસ્ફોટકનો જથ્થો છુપાવવામાં આ આતંકીઓની મદદ કરી હતી.

# તંત્રી લેખ......

## આતંકનો અવાજ વધી રહ્યો છે, દેશે સતર્ક રહેવું જોઈએ

છેલ્લા કેટલાક દિવસોમાં દેશના વિવિધ ભાગોમાં અનેક આતંકવાદી જૂથોનો નાશ ચિંતાજનક છે. તે ગંભીર ચિંતાનો વિષય છે કે શિક્ષિત વ્યક્તિઓ, ડોક્ટરલ ડિગ્રી ધરાવતા લોકો પણ, આતંકવાદના માર્ગે આગળ વધી રહ્યા છે. તે જ સમયે, તે સંતોષની વાત છે કે પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા તેમની ઓળખ કરવામાં આવી રહી છે. છતાં પણ, એ કલ્પના કરવી પણ ઠંડક આપે છે કે જો ખતરનાક ઈરાદાઓથી સજ્જ આ આતંકવાદીઓને સમયસર પકડવામાં ન આવ્યા હોત, તો તેઓ મોટી દુર્ઘટના સર્જી શક્યા હોત. ગઈકાલે દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા શક્તિશાળી કાર બોમ્બ વિસ્ફોટથી આ વાતનો સંકેત મળ્યો હતો. આ વિસ્ફોટની પ્રકૃતિ અને તીવ્રતા, જેમાં અસંખ્ય જાનહાનિ થઈ હતી, તે આતંકવાદી કૃત્ય તરફ ઈશારો કરે છે. આ કારણોસર, આતંકવાદ વિરોધી એજન્સીઓ પણ તપાસમાં જોડાઈ છે. આ ભયાનક ઘટના પહેલા, ગુજરાતની આતંકવાદ વિરોધી ટુકડીએ ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. તેમાંથી એક હૈદરાબાદનો ડૉક્ટર છે. તેના બે સાથીઓ ઉત્તર પ્રદેશના છે. તેમની પાસેથી ત્રણ પિસ્તોલ, કારતૂસ અને ઘાતક ઝેરી રિસિન બનાવવા માટે વપરાતી સામગ્રી મળી આવી હતી. આ આતંકવાદીઓની ધરપકડ ઉપરાંત, જમ્મુ અને કાશ્મીર અને હરિયાણા પોલીસે ત્રણ ડૉક્ટરો સહિત સાત વ્યક્તિઓની ધરપકડ કરી હતી, જેમણે ફરીદાબાદમાં આશરે ૩,૦૦૦ કિલોગ્રામ વિસ્ફોટકોનો સંગ્રહ કર્યો હતો. તેમાં એક મહિલા ડૉક્ટર પણ છે. બાકીના મૌલવીઓ અને વિદ્યાર્થીઓ પાસેથી રાઈફલ, પિસ્તોલ, ટાઈમર અને અન્ય વસ્તુઓ પણ મળી આવી હતી. એ સ્પષ્ટ છે કે ફક્ત અશિક્ષિત અને ગરીબ મુસ્લિમ યુવાનો જ આતંકવાદ તરફ આકર્ષાય છે તેવી ધારણા હવે સાચી નથી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે છેલ્લા કેટલાક વર્ષોનો અનુભવ દર્શાવે છે કે શિક્ષિત મુસ્લિમ યુવાનો વધુને વધુ આતંકવાદી બનવાનું પસંદ કરી રહ્યા છે. તેઓ માત્ર આઈએસઆઈએસ, અલ કાયદા, જૈશ અને લશ્કર-એ-તૈયબા જેવા ભયાનક આતંકવાદી સંગઠનોમાં જોડાઈ રહ્યા છે, પરંતુ પોતાના આતંકવાદી જૂથો બનાવવાની હિંમત પણ કરી રહ્યા છે. એ વાતને અવગણવી ન જોઈએ કે તાજેતરમાં, કર્ણાટકમાં જેલમાં બંધ એક આતંકવાદી મોબાઈલ ફોન દ્વારા ભંડોળ એકત્ર કરતો જોવા મળ્યો હતો, જ્યારે ગ્રેટર નોઈડામાં બીજો એક આતંકવાદી ધાર્મિક કટ્ટરતાને ઉશ્કેરતા પુસ્તકો પ્રકાશિત કરતો જોવા મળ્યો હતો. એ વાત સાચી છે કે આતંકવાદનો કોઈ ધર્મ હોતો નથી, પરંતુ એમાં કોઈ શંકા નથી કે લોકો ધર્મના આડમાં આતંકવાદનો માર્ગ અપનાવી રહ્યા છે. એક પછી એક અનેક આતંકવાદી જૂથોનો પર્દાફાશ વચ્ચે, દિલ્હીમાં બનેલી ઘટના માત્ર એ જ દર્શાવે છે કે સુરક્ષા એજન્સીઓએ વધુ સતર્ક રહેવું પડશે, પરંતુ તે એવી પણ માંગ કરે છે કે રાજકીય, સામાજિક અને ધાર્મિક સ્તરે મુસ્લિમ સમુદાયનું નેતૃત્વ કરનારાઓએ જોવું જોઈએ કે તેમના યુવાનો આતંકવાદનો માર્ગ કેમ અપનાવી રહ્યા છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચ: સોનાનો વાયદો રૂ.૯૧૬ અને ચાંદીનો વાયદો રૂ.૧૯૦૯ ઊછળ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૧નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૨૯૯.૯૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૫૮૪૯.૧૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૨૯૫.૪૯ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૫૨૫ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૫૧૫૬.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૨૯૯.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૨૫૮૪૯.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૬.૨ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૫૨૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૮૬.૦૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૨૯૫.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪૫૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૮૩૯ અને નીચામાં રૂ.૧૨૪૫૦૫ના મથાળે અથડાઈ, રૂ.૧૨૩૯૭૦ના આગલા બંધ સામે રૂ.૯૧૬ વધી રૂ.૧૨૪૮૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૭૪ વધી રૂ.૧૦૦૭૮૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૮ વધી રૂ.૧૨૬૧૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૪ વધી રૂ.૧૨૪૮૫૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪૭૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૪૨૫ અને નીચામાં રૂ.૧૨૪૫૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૪૦૭૨ના આગલા બંધ સામે રૂ.૧૦૫૧ વધી રૂ.૧૨૫૧૨૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૪૭૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૦૭૯ અને નીચામાં રૂ.૧૫૪૦૪૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૬૯૧ના આગલા બંધ સામે રૂ.૧૯૦૯ વધી રૂ.૧૫૫૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૨૮૮ વધી રૂ.૧૫૬૪૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૨૯૧ વધી રૂ.૧૫૬૪૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૪૬૭.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૩ ઘટી રૂ.૧૦૦૯.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૩૦૩.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૭૩.૪૫ થયો હતો. સીસું નવેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૮૩.૫ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૪૯૮.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૧૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૨૩૭ અને નીચામાં રૂ.૩૧૩૩ના મથાળે અથડાઈ, રૂ.૩૦ ઘટી રૂ.૩૧૪૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૪૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૬૪ અને નીચામાં રૂ.૫૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૨૮ના આગલા બંધ સામે રૂ.૩૧ વધી રૂ.૫૩૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૨૯ વધી રૂ.૫૩૫૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ ૩૦ પૈસા વધી રૂ.૩૮૨.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો ૩૦ પૈસા વધી રૂ.૩૮૨.૩ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૨૩ના ભાવે ખૂલી, ૧૦ પૈસા ઘટી રૂ.૯૧૯.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૪૮૦ ઘટી રૂ.૨૫૦૪૦ થયો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૮ના ભાવે ખૂલી, રૂ.૯ વધી રૂ.૨૫૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૯૯૮.૯૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૨૯૬.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૦૮૭.૩૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૦.૧૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩.૭૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૫.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૯.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૮૧.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૦૭.૯૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૦૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૨૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૫૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૫૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૭૫૧૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૯૨૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૯૫૬૩૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૭૦૫૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૬૧૫૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૮૭૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૦૩૦૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૫૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૮૦૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૩૪૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૫૬૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૬૧૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૪૩૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૪૮ પોઈન્ટ વધી ૨૯૫૨૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૭ વધી રૂ.૭૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૧૭.૬ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ વધી રૂ.૭૦૬.૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૦૬ વધી રૂ.૪૬૫૬ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૭ ઘટી રૂ.૧૨.૨ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૯ પૈસા ઘટી રૂ.૩.૪૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૬.૨ ઘટી રૂ.૬૪.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૧૫.૯ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૨ ઘટી રૂ.૫૫૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯૮ ઘટી રૂ.૨૦૪૯ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૨ પૈસા વધી રૂ.૭.૪૯ થયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા ઘટી રૂ.૨.૧૧ થયો હતો.

## ૧૯ નવેમ્બરના રોજ ભાવનગરથી અને ૨૧ નવેમ્બરના રોજ પાલીતાણાથી બાંદ્રા ટર્મિનસ માટે "સ્પેશલ ટ્રેન" ચાલશે

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને વધારાની ભીડને અનુકૂળ બનાવવા માટે ભાવનગર ટર્મિનસથી બાંદ્રા ટર્મિનસ, બાંદ્રા ટર્મિનસથી પાલીતાણા, પાલીતાણા થી બાંદ્રા ટર્મિનસ અને બાંદ્રા ટર્મિનસથી ભાવનગર ટર્મિનસ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડે "સ્પેશલ ટ્રેનો" ચલાવવામાં આવશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ, આ ટ્રેનોની વિગત નીચે મુજબ છે:

૧. ટ્રેન નં. ૦૯૨૩૦ ભાવનગર ટર્મિનસ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ભાવનગર ટર્મિનસથી રાત્રે ૨૧:૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૧૧:૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ભાવનગર પરા, સિહોર (ગુજરાત), સોનગઢ, ધોળા, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે.

એ જ રીતે, ટ્રેન નં. ૦૯૨૨૯ બાંદ્રા ટર્મિનસ-પાલીતાણા સુપરફાસ્ટ સ્પેશલ ગુરુવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ બાંદ્રા ટર્મિનસથી બપોરે ૧૪:૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૬:૦૦ વાગ્યે પાલીતાણા પહોંચશે. આ ટ્રેન બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર (ગુજરાત) સ્ટેશનો પર રોકાશે.

૨. ટ્રેન નં. ૦૯૨૩૨ પાલીતાણા-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ શુક્રવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પાલીતાણા થી રાત્રે ૨૦:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન સિહોર (ગુજરાત), સોનગઢ, ધોળા, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે.

એ જ રીતે, ટ્રેન નં. ૦૯૨૩૧ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશલ શનિવાર, ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ બાંદ્રા ટર્મિનસથી બપોરે ૧૨:૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૪:૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ, સિહોર (ગુજરાત) અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે.

ઉપરોક્ત તમામ ટ્રેનોમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ ઉપલબ્ધ રહેશે.

ઉપરોક્ત તમામ ટ્રેનોની બુકિંગ ૧૩ નવેમ્બર, ૨૦૨૫ (ગુરુવાર) થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને **IRCTC** વેબસાઈટ પર શરૂ થશે. તમામ ટ્રેનોના સમય, થંભાવ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને **www. en-quiry. indianrail. gov.in** પર મુલાકાત લેવી.

ભક્તો સવારે નહીં કરી શકે દર્શન

## દિલ્હી બ્લાસ્ટને લઈને પ્રેમાનંદ મહારાજની પરિક્રમા સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હી બ્લાસ્ટ બાદ ઉત્તર પ્રદેશના તમામ જાણીતા તીર્થસ્થળો પર પ્રશાસન એલર્ટ પર છે, જેના પગલે મથુરામાં પણ સુરક્ષા વ્યવસ્થા કડક કરાઈ છે. આથી સુરક્ષાને ધ્યાનમાં રાખીને, આજે સવારે સંત પ્રેમાનંદ મહારાજની નિયમિત પરિક્રમા સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે.

સંત પ્રેમાનંદ મહારાજ દરરોજ સવારે પદયાત્રા કરે છે, જેમાં હજારો ભક્તો તેમના દર્શન માટે ઉમટે છે. સૂત્રો અનુસાર, આ ભારે ભીડને ધ્યાનમાં રાખીને, સુરક્ષા એજન્સીઓએ મથુરાના તમામ મુખ્ય તીર્થસ્થળો પર એલર્ટ જાહેર કર્યું છે. હાઈ એલર્ટ અને લોકોની સુરક્ષાના કારણોસર, સંત પ્રેમાનંદની આ યાત્રા પણ હાલ પૂરતી રોકી દેવામાં આવી છે.જેના કારણે તેમના ભક્તો નિરાશ થયા છે.

સોમવારે સાંજે ૬ વાગ્યા બાદ, દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે ઊભેલી એક કારમાં થયેલા બ્લાસ્ટના સમાચાર આવ્યા. આ બ્લાસ્ટમાં ઘણા લોકોના જીવ ગયા અને ઘણા ઘાયલ થયા, જેનાથી માત્ર રાજધાની જ નહીં, પરંતુ સમગ્ર દેશ હચમચી ગયો. ત્યાર બાદ અનુમાન લગાવવામાં આવ્યું કે આ કોઈ સામાન્ય બ્લાસ્ટ નથી, પરંતુ તેના તાર આતંકવાદ સાથે જોડાયેલા હોઈ શકે છે.

## પોરબંદર-રાજકોટ વચ્ચે ચાલશે બે નવી પેસેન્જર ટ્રેન

ડૉ. મનસુખ માંડવિયા, માનનીય કેન્દ્રિય શ્રમ, રોજગાર, યુવા મામલા અને ખેલ મંત્રી, ભારત સરકારના પ્રયત્નોથી રેલવે બોર્ડે પોરબંદર-રાજકોટ વચ્ચે બે નવી ટ્રેન ચલાવવા માટે મંજૂરી આપી છે. આ બંને ટ્રેન પોતાના નિર્ધારિત સમયે જ ચલાવાશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર આ ટ્રેનનો વિગતવાર વર્ણન નીચે મુજબ છે:

૧. રાજકોટ-પોરબંદર પ્રારંભિક સ્પેશિયલ ટ્રેન **(Inaugural Special Train)**

ટ્રેન નંબર ૦૯૫૬૧ રાજકોટ-પોરબંદર પ્રારંભિક સ્પેશિયલ **(Inaugural Special)**, ૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ રાજકોટ સ્ટેશનેથી સવારે ૧૦.૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૧૪.૪૦ વાગ્યે પોરબંદર સ્ટેશન પહોંચશે.

૨. રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક પેસેન્જર ટ્રેન

ટ્રેન નંબર ૫૯૫૬૧ રાજકોટ-પોરબંદર પેસેન્જર દૈનિક, રાજકોટ સ્ટેશનેથી સવારે ૮.૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૧૩.૧૫ વાગ્યે પોરબંદર સ્ટેશન પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૫૯૫૬૨ પોરબંદર-રાજકોટ પેસેન્જર દૈનિક, પોરબંદર સ્ટેશનેથી ૧૪.૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૧૮.૫૫ વાગ્યે રાજકોટ સ્ટેશન પહોંચશે. આ બંને ટ્રેન ૧૫.૧૧.૨૦૨૫ થી રોજબરોજ તેમના નિર્ધારિત સમયે ચલાવાશે.

૩. પોરબંદર-રાજકોટ-પોરબંદર પેસેન્જર ટ્રેન (સાપ્તાહિક ૫ દિવસ)

ટ્રેન નંબર ૫૯૫૬૪ પોરબંદર-રાજકોટ પેસેન્જર (સાપ્તાહિક ૫ દિવસ, ગુરુવાર અને રવિવાર સિવાય), પોરબંદર સ્ટેશનેથી સવારે ૭.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૧૨.૩૫ વાગ્યે રાજકોટ સ્ટેશન પહોંચશે. આ ટ્રેન ૧૫.૧૧.૨૦૨૫ થી સપ્તાહમાં ૫ દિવસ (ગુરૂવાર અને રવિવાર સિવાય) તેમના નિર્ધારિત સમયે ચલાવાશે. આ જ રીતે, ટ્રેન નંબર ૫૯૫૬૩ રાજકોટ-પોરબંદર પેસેન્જર (સાપ્તાહિક ૫ દિવસ, બુધવાર અને શનિવાર સિવાય), રાજકોટ સ્ટેશનેથી બપોરે ૧૪.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૨૦.૩૦ વાગ્યે પોરબંદર સ્ટેશન પહોંચશે. આ ટ્રેન ૧૬.૧૧.૨૦૨૫ થી સપ્તાહમાં ૫ દિવસ (બુધવાર અને શનિવાર સિવાય) તેમના નિર્ધારિત સમયે ચલાવાશે.

ઉપરોક્ત તમામ ટ્રેન પોતાની મુસાફરી દરમિયાન ભક્તિનગર, રીબડા, ગોંડલ, વીરપુર, નવાગઢ, જેતલસર, ધોરાજી, ઉપલેટા, પાનેલી મોટી, જામ જોધપુર, બાલવા, કાટકોલા, વાંસજાલિયા અને રાણાવાવ સ્ટેશનો પર બંને દિશામાં રોકશે.

ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત ટ્રેન ચલાવવા માટે ટ્રેન નંબર ૧૯૫૭૨ પોરબંદર-રાજકોટ એક્સપ્રેસના સમયમાં ફેરફાર કરાશે. આ ટ્રેન પોરબંદરથી હાલના ૧૪.૩૫ વાગ્યાના સમયે બદલે ૧૬.૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે. અને રાજકોટ સ્ટેશન પર ૧૮.૫૫ વાગ્યાની જગ્યાએ ૨૧.૨૦ વાગ્યે પહોંચશે.

## ગાંધીનગર-જયપુર સ્ટેશન પુનઃવિકાસ કામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર પશ્ચિમ રેલવેના ગાંધીનગર-જયપુર સ્ટેશનના પુનઃવિકાસ અને મોટા પાયે અપગ્રેડેશન કામને ધ્યાનમાં રાખીને ૯ નવેમ્બરથી ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ૩૫ દિવસોનો બ્લૉક લેવામાં આવ્યો છે, જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો આ મુજબ છે :

શોર્ટ ટર્મિનેટ/ઓરિજિનેટ/આંશિક રૂપે રદ થનારી ટ્રેનો:

૧. ૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ઓખાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૨૦૯૫૧ ઓખા-જયપુર એક્સપ્રેસ અજમેર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. એટલે, આ ટ્રેન અજમેર અને જયપુર વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. એ જ રીતે, ૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ જયપુરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૨૦૯૫૨ જયપુર-ઓખા એક્સપ્રેસ અજમેર સ્ટેશન પર શોર્ટ ઓરિજિનેટ થશે. એટલે, આ ટ્રેન જયપુર અને અજમેર વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો:

૧. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી દિલ્લી સરાય રોહિલ્લાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૧૨૨૧૫ દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે.

૨. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી પોરબંદરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુજફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ફુલેરા-રીંગસ-રેવાડી સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન રીંગસ, નીમ કા થાના અને નારનૌલ સ્ટેશનો પર રોકાશે.

૩. ૨૫ નવેમ્બર, ૨૦૨૫ અને ૦૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટડાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટડા-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે.

૪. ૦૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી પોરબંદરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્લી સરાય રોહિલ્લા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ફુલેરા-રીંગસ-રેવાડી સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન રીંગસ, નીમ કા થાના અને નારનૌલ સ્ટેશનો પર રોકાશે.

૫. ૨૪ નવેમ્બર, ૨૦૨૫ થી ૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી દિલ્લી સરાય રોહિલ્લાથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૨૦૯૩૮ દિલ્લી સરાય રોહિલ્લા-પોરબંદર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે.

૬. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ અને ૩ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી સુલ્તાનપુરથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૨૦૯૪૦ સુલ્તાનપુર-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે.

૭. ૨૯ નવેમ્બર, ૨૦૨૫ અને ૦૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ વારાણસીથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૨૦૯૬૪ વારાણસી-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન નારનૌલ, નીમ કા થાના અને રીંગસ સ્ટેશનો પર રોકાશે.

૮. ૨૫ નવેમ્બર, ૨૦૨૫ અને ૦૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ લખનઉથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૧૯૪૦૨ લખનઉ-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ભરતપુર-કોટા-આણંદ-સાબરમતી સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન સવાઈ માધોપુર, કોટા, ભવાની મંડી, શામગઢ, નાગદા, રતલામ, દાહોદ, ગોધરા અને આણંદ સ્ટેશનો પર રોકાશે.

૯. ૨૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ અયોધ્યા કેન્ટથી યાત્રા આરંભ કરનારી ટ્રેન નંબર ૧૯૨૦૨ અયોધ્યા કેન્ટ-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ભરતપુર-કોટા-આણંદ-અમદાવાદ-વિરમગામ સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે અને આ ટ્રેન સવાઈ માધોપુર, કોટા, ભવાની મંડી, શામગઢ, નાગદા, રતલામ, દાહોદ, ગોધરા અને આણંદ સ્ટેશનો પર રોકાશે.

## ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ મેચ માટે સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હીમાં થયેલા વિસ્ફોટના પગલે, ૧૪ નવેમ્બરથી કોલકાતાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં શરૂ થનારી ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ મેચ માટે સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે.

કોલકાતા પોલીસ કમિશનર મનોજ વર્માએ હાઈ એલર્ટની પુષ્ટિ કરી છે અને જણાવ્યું કે, 'દિલ્હીની ઘટનાને ધ્યાનમાં રાખીને પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ **(STF)** તૈનાત કરીને વિશેષ અને વધારાના સુરક્ષા પગલાં લેવાઈ રહ્યા છે.' કોલકાતા પોલીસે સમગ્ર શહેરમાં, ખાસ કરીને ઈડન ગાર્ડન્સ અને આસપાસ સુરક્ષા વધારી દીધી છે; **CAB** અધિકારીઓ અને પોલીસ કમિશનર વચ્ચે મંગળવારે સુરક્ષાની સમીક્ષા બેઠક યોજાવાની છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ઊંડાણપૂર્વક રસ લઈને કરેલી રજૂઆત અને તેમના માર્ગદર્શન હેઠળ લેવાયો મહત્વપૂર્ણ નિર્ણય

# કૃષિ રાહત પેકેજ-૨૦૨૫: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વાવ-થરાદ, પાટણ, કચ્છ, પંચમહાલ અને જૂનાગઢ જિલ્લામાં પિયત અને બિનપિયત બંનેમાં એક સમાન સહાય આપવાનો રાજ્ય સરકારનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય

## ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૫માં ભારે વરસાદથી થયેલી પાક નુકસાની સામે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પાંચ જિલ્લા માટે કરી હતી રાહત પેકેજની જાહેરાત

ગુજરાતમાં ગત ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં વરસેલા અતિભારે વરસાદમાં જૂનાગઢ, વાવ-થરાદ, કચ્છ, પંચમહાલ અને પાટણ જિલ્લાના ખેતી પાકોમાં વ્યાપક નુકસાન જોવા મળ્યું હતું. આ નુકશાનમાં ખેડૂતોને આર્થિક મદદ પૂરી પાડવાના આશય સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે સર્વે હાથ ધરીને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા રૂ. ૯૪૭ કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.

આ કૃષિ રાહત પેકેજમાં અસરગ્રસ્ત ખેડૂતોને SDRFના ધારાધોરણો મુજબ ૩૩ ટકાથી વધુ નુકશાન હોય તેવા ખેડૂતોને સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં બિનપિયત પાક માટે રૂ. ૧૨,૦૦૦ પ્રતિ હેક્ટર, પિયત પાક માટે રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર તેમજ બહુવર્ષાયુ પાકો માટે રૂ. ૨૭,૫૦૦ પ્રતિ હેક્ટર સહાય જાહેર કરવામાં આવી હતી.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ સંદર્ભે લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે જણાવ્યું હતું કે, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ અસરગ્રસ્ત વિસ્તારમાં નુકશાનની તીવ્રતાને ધ્યાને લઈને સહાયમાં વધારો કરવા અંગે રજૂઆત કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બાબતે ઊંડાણપૂર્વક રસ લઈને ખેડૂતોના હિતને તેમણે પ્રાધાન્ય આપ્યું હતું. આ ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારના વિવિધ ધારાસભ્યશ્રી સહિતના અગ્રણીઓએ પણ સહાયમાં વધારો કરવા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતને હકારાત્મક વાચા આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ બિનપિયત અને પિયત પાક બંનેને એક સમાન રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય બે હેક્ટરની મર્યાદામાં આપવાનો રાજ્ય સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આટલું જ નહીં, વાવ-થરાદ અને પાટણ જિલ્લામાં ભારે વરસાદમાં પાણી ભરાયેલા હોય તેમજ રવિ ઋતુમાં વાવેતર થઈ શકે તેમ ન હોય તેવા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા ખાસ કિસ્સામાં રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ૨ હેક્ટરની મર્યાદામાં સહાય આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

ખેડૂતો આ કૃષિ રાહત પેકેજ હેઠળ સહાય મેળવવા અરજી કરી શકે તે માટે આજ તા. ૧૧ નવેમ્બરથી આગામી ૧૫ દિવસ સુધી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. અસરગ્રસ્ત ખેડૂતોએ પોતાના ગામના VCE/VLEના માધ્યમથી સમયમર્યાદામાં કૃષિ રાહત પેકેજ પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

- નિતિન રથવી

### પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતના ખેતર પર હળ ચલાવ્યું: ખેતરમાં વૃક્ષારોપણ કર્યું

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તાપી જિલ્લાના માણેકપુર ગામની મુલાકાતે



તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના માણેકપુર ગામની મુલાકાતે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે પ્રાકૃતિક કૃષિ પ્રત્યે કાર્યરત ખેડૂત શ્રી રતિલાલભાઈ રેવજીભાઈ વસાવાના ફાર્મની મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીએ ખેતર પર જઈને સ્વયં હળ ચલાવ્યું અને જમીનની ઉપજાઉ શક્તિ વધારવાના સ્વાનુભવી ઉપાયો ખેડૂતોને જણાવ્યા હતા. આ તકે રાજ્યપાલશ્રીએ ખેતરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે આત્મીય સંવાદ સાધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી પદ્ધતિ નથી, પરંતુ પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વનો માર્ગ છે. ગાય આધારિત ખેતી જ જમીનનું આરોગ્ય, પાણીનું સંવર્ધન અને માનવનું સ્વાસ્થ્ય જાળવી શકે છે.

રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રોત્સાહિત કરતાં ઉમેર્યું કે, ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ એક આંદોલન રૂપ ધારણ કરી રહી છે, જેમાં હજારો ખેડૂત જોડાઈને ધરતીમાતાને ફરી ઉપજાઉ બનાવી રહ્યા છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ખેતર પર ઉપયોગમાં લેવાતા જીવામૃત, ઘનજીવામૃત, અને ગૌઆધારિત બાયો ઈનપુટ અંગે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ દ્વારા ખેડૂતોને ઓછા ખર્ચે વધારે ઉપજ સાથે સ્વસ્થ અને ટકાઉ જીવનશૈલી પ્રાપ્ત થઈ શકે છે જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "આત્મનિર્ભર ભારત, વિકસિત ભારત"ના વિઝનને સાકાર કરે છે. રાજયપાલશ્રીએ આ મુલાકાત દરમિયાન બળદ ગાડું ચલાવ્યું હતું.

# રાજયની સબ રજીસ્ટ્રાર કચેરીઓ માટે કડક આદેશ : મુસ્લીમ સગીરની મિલ્કત ટ્રાન્સફર કરવા કોર્ટની મંજુરી ફરજીયાત




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં જમીન મિલ્કતની નોંધણી પ્રક્રિયાને વધુ કાયદેસર અને પારદર્શક બનાવવા માટે રાજયના રજીસ્ટ્રાર નિરીક્ષક વિભાગે એક મહત્વનો પરીપત્ર જાહેર કર્યો છે. જેમાં મુસ્લીમ સગીર વ્યકિતની માલીકીની મિલ્કતના વેચાણ, ગીરો અથવા અન્ય તબદીલીના દસ્તાવેજોની નોંધણી માટે કોર્ટની પૂર્વ મંજુરી મેળવવી ફરજીયાત બનાવવામાં આવી છે. મુસ્લીમ પર્સનલ લૉ ના નિયમો મુજબ જે સગીરની ઉંમર ૧૮ વરસથી ઓછી છે, તેની મિલ્કત વેચવા અથવા ગીરો કરવા માટે કોર્ટની મંજુરી જરૂરી છે. સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં આ નિયમનુ યોગ્ય પાલન થતુ ન હોવાની ફરીયાદોને પગલે આ પરીપત્ર દ્વારા રાજયના તમામ સબ રજીસ્ટ્રાર અધિકારીઓને સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવી છે. આ પરીપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો કોઈ દસ્તાવેજ સગીરના કાયદેસર વાલીત્વ હેઠળ નોંધણી માટે આવે અને તેમાં કોર્ટની પૂર્વ મંજુરી ન હોય તો આવા દસ્તાવેજની નોંધણી કરવી નહી, આ નિયમનો મુખ્ય ઉદ્દેશ સગીરના આર્થિક અને કાયદાકીય હીતોનુ રક્ષણ કરવાનો છે. જો કે આ નિયમમાં અપવાદ પણ છે. જો દસ્તાવેજ નોંધાવનાર સગીર વ્યકિત સ્વસ્થ મગજનો હોય અને તેની વય ૧૮ વરસથી વધુ હોય (એટલે કે પુખ્તવયના ગણાતા હોય) અને તે હિન્દુ ઉત્તરાધિકારી કાયદો ૧૯૫૬ હેઠળ આવતા ન હોય તો તેવા કિસ્સાઓમાં કોર્ટની પૂર્વ મંજુરીની જરૂર પડતી નથી.

પરીપત્રમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યુ છે કે હવેથી તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજોની નોંધણી દરમિયાન આ નિયમોનુ કડક પાલન થાય તેની ખાત્રી કરવી, જો કોઈ અધિકારી કોર્ટની પૂર્વ મંજુરી વિના મુસ્લીમ સગીરની મિલ્કતનો દસ્તાવેજ નોંધશે તો તેની સામે શિસ્તભંગના પગલા લેવામાં આવશે.

# એસઆઈઆરની કામગીરીમાં બે સ્થળે મતદાર યાદીમાં નામ ધરાવતા મતદારોની યોગ્ય ચકાસણી કરવા અને એક સ્થળે નામ રાખવાનુ આયોજન કરવાની રજુઆત કરતા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા





ઈમરાન ખેડાવાલા
ધારાસભ્ય, જમાલપુર-ખાડિયા

ગ્યાસુદીન શેખ
પૂર્વ ધારાસભ્ય, દરિયાપુર

પ્રતિનિધિ,ગાંધીનગર

એસઆઈઆરની કામગીરી દરમિયાન બે સ્થળે મતદાર યાદીમાં નામ ધરાવતા મતદારોની યોગ્ય ચકાસણી કરી સ્વેચ્છા અનુસાર એક સ્થળે નામ રાખવા માટે નુ આયોજન કરવા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મુખ્ય નિર્વાચન અધિકારીને રજુઆત કરી આવેદન પત્ર આપ્યુ છે.

ગઈ કાલે સોમવારે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખે મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુકલાને મળીને રજુઆત કરી આવેદનપત્ર આપ્યુ હતું. જેમાં રજુઆત કરવામાં આવી હતી કે રાજયના અનેક સ્થળો સહિત અમદાવાદના કોટ વિસ્તારમાં મોટા પાયે રેસીડેન્સમાંથી કોર્મશીયલ બાંધકામમાં તબદીલ થયા હોવા છતાં હાલ મુળ સ્થળે પણ મતદારોના નામ હજુ યથાવત છે. રાજયમાં રોજગારી મેળવવા આવેલા બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઓરીસ્સા સહિત અન્ય રાજયોના પરપ્રાંતીયોએ મુળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં રાજયની ઔદ્યોગિક વસાહતો અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ, કચ્છના કંડલા , વડોદરા, જામનગર સહિત અમદાવાદના પૂર્વ વિસ્તાર સહિત કોટ વિસ્તારોમાં ભાડે રાખેલા મકાનોના સરનામે તેમના નામો મતદાર યાદીમાં નોંધાવ્યા અંગેની ગંભીર બાબતો સામે આવી રહી છે. ત્યારે ભાડુઆત તરીકે રહેતા પરપ્રાંતિયોના નામ અન્ય રાજયોમાં ચાલતા હોવાથી યોગ્ય ચકાસણી કરી પરપ્રાંતિયોના નામ ગુજરાત રાજયની મતદાર યાદીમાંથી કમી કરવામાં આવે. રાજયમાં અનેક સ્થળો સહિત અમદાવાદના શાહપુર વિસ્તારમાં મેટ્રો ડેવલપમેન્ટ ના કારણે પ્રોજેકટમાં નડતર રૂપ મિલ્કતોને સંપૂર્ણપણે નાબુદ કરવામાં આવતા મુળ સ્થળે રહેતા લોકોએ કાયમી ધોરણે અન્યત્ર સ્થળાંતર કર્યુ હોય, સ્થળાંતરીત મતદાતાઓના નામ મુળ સ્થળનુ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવે.

ચુંટણીપંચ સમક્ષ સૌથી ગંભીર પ્રશ્ન તો એ છે કે રીડેવલપમેન્ટના કારણે અન્ય સ્થળે ભાડે રહેવા ગયેલા લોકોના નામ એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાં યથાવત રાખવા કોઈ નકકર આયોજન કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી છે. મતદારોને ચુંટણીપંચની ગાઈડ લાઈન મુજબ માહિતગાર કરવામાં આવે કે એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન એન્યુમરેસન ફોર્મમાં એક જ જગ્યાએ પોતાનુ નામ નોંધાવેલ છે તેની કબુલાત કરવી પડશે, એન્યુમરેસન ફોર્મ ભર્યા પછી પણ બીજા સ્થળે નામ નોંધાયેલુ જણાશે તો મતદાર સામે એફઆઈઆર અથવા એક વરસની જેલની કેદ અને દંડની જોગવાઈ છે. માટે રાજય ચુંટણીપંચની બેદરકારી અને લાલીયાવાડીનો ભોગ અજાણે બે સ્થળે મતદારયાદીમાં નામ ધરાવતા નિર્દોષ મતદાતાઓને કાનુની કાર્યવાહીનો સામનો ન કરવો પડે માટે રાજયના ચુંટણીપંચે બે સ્થળે નામ ધરાવતા મતદારોની યોગ્ય તટસ્થ ચકાસણી કરી મતદાતાની સ્વેચ્છા અનુસાર કોઈપણ એક સ્થળે મતદાર યાદીમાં નામ યથાવત રાખી કાનુની કાર્યવાહીથી સંપૂર્ણ રક્ષણ મળી રહે તેવુ આયોજન કરવુ જોઈએ તેવી ધારાસભ્યો દ્વારા રજુઆત કરવામાં આવી છે.

# જમીનનો સોદો કેન્સલ કર્યા બાદ પણ ત્રાસ આપતા જમીન માલિકનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં વાઘોડિયાની કમલાનગર સોસાયટીના યુવકે સુસાઈડ નોટ લખી ફાંસો ખાઈ આત્મહત્યા કરવાના બનાવમાં જમીનનો સોદો જમીન ખરીદનારે કેન્સલ કરતા હોવાનું બહાર આવતા પોલીસે ગુનો નોંધ્યો હતો. વાઘોડિયામાં કમલા નગર ખાતે રહેતો ધર્મેશ પરમારના પિતાનું થોડા મહિના પહેલાં અવસાન થયું હતું. વાઘોડિયા ગામની સીમમાં જીઆઈડીસી નજીક ગુરુકુલ સ્કૂલ પાછળ આવેલ તેમની સંયુક્ત માલિકીની જમીન વેચાણ આપવા માટે ધર્મેશે તમામ ખાતેદારો વતી ટ્વિંકલભાઈ ઉર્ફે ટીકાભાઈ ઠાકોર (રહે. વિષ્ણુધામ સોસાયટી ડભોઈ) (હાલ રહે.વડોદરા) સાથે જમીનની ઉચ્ચક કિં.રૂા.૫૮ લાખ નક્કી કરી તે અંગેની સોદા પાવતી તા.૩ જુલાઈએ લખી આપી હતી. જેની નોટરી તા.૩૧ જુલાઈએ કરાઈ હતી. પરંતુ મૃતક તેમજ તેના કાકા હરીશભાઈને જાણવા મળેલ કે ટીકાભાઈ બરાબર વ્યક્તિ નથી. જેથી મૃતક અને તેના કાકાએ જમીન વેચાણ આપવાનો સોદો કેન્સલ કરાવવા ટ્વિંકલને જણાવતાં તેણે સોદો કેન્સલ કરેલ નહીં. અને સોદા પાવતીમાં આપેલ રકમ ઉપરાંત કુલ રૂા.૫ લાખ જેટલી રકમની માંગણી કરી દાદાગીરી કરતા હોવાથી ધર્મેશ કંટાળી ગયેલ. ટ્વિંકલના ત્રાસે તેને મરવા માટે મજબૂર કરતાં ઘરના પ્રથમ માળે આવેલા તેના રૂમમાં તેણે ગળેફાંસો ખાઈ મોત વ્હાલું કર્યું હતું. સવારે માતા ધર્મેશને ઉઠાડવા જતાં તેને ફાંસો ખાધેલી હાલતમાં જોતાં બૂમાબૂમ કરતાં આસપાસના લોકોએ આવી વાઘોડિયા પોલીસને જાણ કરી હતી. મૃતક પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી. જેના આધારે વાઘોડિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પીએમ જનમન હેઠળ ગુજરાતમાં પીએમ આવાસ-ગ્રામીણ યોજના અંતર્ગત ૧૪,૫૫૨ આવાસો મંજૂર કરવામાં આવ્યા

# પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ જનમન)ના અમલીકરણમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે







પર્ટિક્યુલરલી વલ્નરેબલ ટ્રાઈબલ ગ્રુપ્સ (PVTGs) એટલે કે ખાસ નબળા આદિજાતિ જૂથોની ખૂટતી જરૂરિયાતો અને સુવિધાઓની પૂર્તિ કરીને તેમના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ જનમન) મિશન અમલી બનાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, પીએમ જનમનના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચનું રાજ્ય બન્યું છે. ભારત સરકાર દ્વારા પીએમ જનમનના અમલીકરણ સંદર્ભે દેશના જુદા જુદા રાજ્યોની પ્રગતિને ધ્યાને લઈને જે રેંકિંગ જાહેર કરવામાં આવ્યું છે, તેમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે. ભારત સરકાર દ્વારા તારીખ ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે આયોજિત નેશનલ કોક્લેવમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે ગુજરાત રાજ્યને "બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ"નો પુરસ્કાર આપવામાં આવ્યો છે. ગુજરાતની આ સિદ્ધિ દર્શાવે છે કે આદિજાતિના વિકાસ અને કલ્યાણ માટે રાજ્ય સરકાર મજબૂત પ્રયાસો કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભારતના ૧૮ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં વસતા ૭૫ પર્ટિક્યુલરલી વલ્નરેબલ ટ્રાઈબલ ગ્રુપ્સ (PVTG) એટલે કે ખાસ નબળા આદિજાતિ જૂથોનો સર્વાંગી સામાજિક-આર્થિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ 'જનજાતીય ગૌરવ દિવસ' નિમિત્તે પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ જનમન) મિશનનો પ્રારંભ કર્યો હતો. આ મિશનનો ઉદ્દેશ નિશ્ચિત સમયમર્યાદામાં ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG)ને આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, પાણી, વીજળી, આજીવિકા અને કનેક્ટિવિટી જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડીને તેમનું સામાજિક ઉત્થાન કરવાનો છે. ગુજરાતમાં આવા ૫ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) વસે છે, જેમાં કાથોડી, કોટવાળિયા, પઢાર, સિદ્દી અને કોલઘા જૂથોનો સમાવેશ થાય છે. આવા જૂથોને ખૂટતી પાયાની સુવિધાઓની પૂર્તિ કરવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

પીએમ જનમન મિશન હેઠળ ગુજરાતે કરેલી પ્રગતિ

પીએમ જનમન મિશન હેઠળ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTGs) ને ખૂટતી પાયાની સુવિધાઓની પૂર્તિ કરવામાં આવે છે, જેમાં આવાસ, રોડ-રસ્તાની કનેક્ટિવિટી, પાઈપ મારફતે પાણીનો સપ્લાય, આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ, મહિલાઓ માટે આંગણવાડીઓનું નિર્માણ, વીજળીકરણ, મોબાઈલ ટાવરનું ઈન્સ્ટોલેશન, વન ધન વિકાસ કેન્દ્રો તેમજ મલ્ટીપર્પઝ સેન્ટરોની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ મિશન હેઠળ આ સમુદાયના લોકોના ઘર-પરિવારોનો સર્વે કરીને કોને કઈ સુવિધાની જરૂર છે, અને ક્યાં કેટલો ગેપ રહેલો છે, તે શોધીને તે મુજબ સુવિધાઓના લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા છે, અને તે મુજબ તેમને પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્યમાં પીએમ જનમન હેઠળ PVTG સમુદાયો માટે દ્વારા ૧૪,૫૫૨ આવાસોના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યમાં વસતા આ સમુદાયના લગભગ ૨૮૦૩ ઘરોમાં પાઈપલાઈન મારફતે પાણીની જરૂર હતી, અને આ તમામ એટલે કે ૧૦૦% ઘરોમાં પાઈપ મારફતે પાણી પૂરું પાડવામાં આવ્યું છે. આ સમુદાયોને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ૨૨ મોબાઈલ મેડિકલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે, અને ૧.૨૫ લાખથી વધુ લોકોએ આરોગ્ય સુવિધાઓનો લાભ મેળવ્યો છે. પીએમ જનમન મિશન હેઠળ, ૃ્ સમુદાયોની મહિલાઓ માટે આગામી સમયમાં ૬૭ આંગણવાડીઓ કાર્યરત કરવાનો લક્ષ્યાંક છે, જ્યારે શિક્ષણના હેતુથી ૧૩ હોસ્ટેલોના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે.

આ મિશન હેઠળ, વીજળી નહોતી પહોંચતી એવા ૬૬૩૦ ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવી છે, અને આ સાથે ગુજરાત રાજ્યએ પીએમ જનમન હેઠળ ૧૦૦ ટકા વીજળીકરણ પૂર્ણ કર્યું છે. પીએમ જનમન હેઠળ આદિમજૂથ વસાહતોમાં મોબાઈલ નેટવર્કની સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે ૩૬ નવા મોબાઈલ ટાવરના બાંધકામનું આયોજન કરેલ, જેમાંથી ૨૧ ટાવર ઉભા થઈ ચૂક્યા છે અને ૪૧ આદિમજૂથ વસાહતોમાં ૪૨ સેવા કાર્યરત છે. વધુમાં, માર્ગ સુવિધા હેઠળ ૪૫ નવા રસ્તાઓ (કુલ ૯૪ કિ.મી.)ની મંજૂરી આપવામાં આવી છે, ખાસ કરીને નાની વસાહતોને પણ આ યોજના હેઠળ સમાવિષ્ટ કરવામાં આવી છે.

વધુમાં, વન પેદાશો પર પ્રાથમિક પ્રક્રિયા અને તેમના મૂલ્યવર્ધનમાં PVTG સમુદાયના લોકોના સક્રિય જોડાણ દ્વારા તેમની આજીવિકા અને આવકમાં વધારો કરવાના ઉદ્દેશથી આ મિશન હેઠળ ૨૧ વન ધન વિકાસ કેન્દ્રો (VDVKs) કરવામાં આવ્યા છે, જેમાં કુલ ૧૦૫૦ લાભાર્થીઓ જોડાયા છે. આ કેન્દ્રો વન ઉત્પાદનોના મૂલ્યવર્ધન અને વેચાણ દ્વારા સ્થાનિક રોજગાર અને આવક વધારવામાં સહાયક બન્યા છે. આ ઉપરાંત, કૌશલ્ય તાલીમ, પોષણ, આરોગ્ય સેવાઓ, પુખ્ત શિક્ષણ અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે PVTG સમુદાય માટે ૩૯ મલ્ટીપર્પઝ સેન્ટરો સ્થાપિત કરવાની મંજૂરી આ મિશન હેઠળ આપવામાં આવી છે.

આ તમામ પાયાની સુવિધાઓ માટે ભારત સરકારના ૮ મંત્રાલયો દ્વારા સહયોગ આપવામાં આવે છે, જેમાં ગ્રામ વિકાસ મંત્રાલય, જળશક્તિ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, વિદ્યુત મંત્રાલય, સંચાર મંત્રાલય અને આદિજાતિ બાબતોના મંત્રાલયનો સમાવેશ થાય છે.

# ભાવનગર રેલવે મંડળના કર્મચારીઓએ રૂા.૧.૭૦ લાખ કિંમતનો મુસાફરનો ભૂલથી છૂટેલો લેપટોપ સુરક્ષિત રીતે પાછો આપ્યો



પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળના કર્મચારીઓ તેમના સન્માનિત યાત્રિયોની મદદ માટે હંમેશાં તત્પર રહે છે. આ પ્રતિબદ્ધતાનું એક ઉત્તમ ઉદાહરણ વેરાવળ સ્ટેશન પર જોવા મળ્યું, જ્યાં એક મુસાફરના લેપટોપ સાથેનો બેગ ભૂલથી સોમનાથ એક્સપ્રેસ ટ્રેનમાં છૂટ્યો હતો, જેને રેલવે કર્મચારીઓએ અત્યંત ઈમાનદારી અને જવાબદારીપૂર્વક સુરક્ષિત રીતે શોધીને મુસાફરને પાછો આપ્યો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યુ કે, ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એક યાત્રી ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસમાં બી-૧ કોચમાં ચાંદલોડિયા થી કેશોદ સુધી યાત્રા કરી. કેશોદ પહોંચ્યા બાદ ઉતાવળમાં તેમના લેપટોપવાળો બેગ સીટ પર ભૂલથી છૂટ્યો. ટ્રેનના પ્રસ્થાન પછી તેમણે રેલમદદ એપ્લિકેશન દ્વારા રેલવે પ્રશાસનને જાણ કરેલી. રેલમદદ પર માહિતી મળતાં જ રેલવે કર્મચારીઓ આગળ વધીને કાર્યવાહી હાથ ઘરવામાં આવી. કંટ્રોલ ઓફિસથી ટ્રેનમાં કાર્યરત ટીટીઈ શ્રી શંભુ પ્રસાદને મેસેજ મોકલવામાં આવ્યો.

માહિતી મળતાં જ ટીટીઈ શ્રી શંભુ પ્રસાદ ઉક્ત કોચના બર્થ પર ગયા અને ત્યાં બેગ મળ્યો. આની જાણ મુસાફરને કરી દેવામાં આવી અને જરૂરી પૂછપરછ પછી વેરાવળ સ્ટેશન પર મુસાફરને લેપટોપ સહિત બેગ આપ્યો. લેપટોપ સુરક્ષિત રીતે મળતાં મુસાફરે રેલવે પ્રશાસન પ્રત્યે ઊંડા કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તમામ સંબંધિત કર્મચારીઓનો આભાર માન્યો.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ આ પ્રશંસનીય કાર્ય માટે સંબંધિત કર્મચારીઓને વખાણ કરી પ્રોત્સાહિત કર્યા અને જણાવ્યું કે, આ કાર્ય ભારતીય રેલવેની ઈમાનદારી, જવાબદારી અને મુસાફર સેવા ભાવનાનો પ્રતીક છે.

# દારૂની ૨૫૦૨ બોટલ સાથે રજીસ્ટ્રેશન વગરનો ટેમ્પો પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ફાજલપુર વિસ્તારમાં ફરી એકવાર દારૂનો મોટો જથ્થો પકડવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે ભાઈ બહેનની અટકાયત કરી બે જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. ફાજલપુર તરફ દારૂનો મોટો જથ્થો સપ્લાય થનાર હોવાની વિગતોને પગલે નંદેસરી પોલીસની ટીમ દ્વારા વોચ રાખવામાં આવી હતી. જે દરમિયાન રજીસ્ટ્રેશન વગરના નવા જ ટેમ્પાનું ચેકિંગ કરતા અંદરથી બિયરના ૧૩૯૨ ટીન અને વિદેશી શરાબની ૬૬૦ બોટલ મળી કુલ રૂ.૫.૯૦ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પામાંથી સંજય મનુભાઈ પરમાર (દેહમી ગામે બહેનના ઘેર, બોરસદ મૂળ ઓડ ગામ આણંદ) અને તેની બહેન સુધા ગોવિંદભાઈ ગોહિલને ઝડપી પાડ્યા હતા.

# હિંમતનગરમાં પ્રદેશ ભાજપ પ્રમુખના અભિવાદન સમારોહના હોર્ડિંગ્સોમાંથી ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીનો ફોટો ગાયબ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ભાજપ સંગઠનો, સહકારી સંસ્થાઓ અને નગરપાલિકાઓના સત્તાધીશોની એક મોટી અને ચર્ચાસ્પદ ચુક સામે આવી છે, હિંમતનગર ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના અભિવાદન સમારોહના અમદાવાદ-હિંમતનગર સ્ટેટ હાઈવે તેમજ શહેરમાં ઠેર ઠેર મોટા મોટા હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યા છે ત્યારે આ હોર્ડિંગ્સોમાં રાજયના ગૃહમંત્રી (નાયબ મુખ્યમંત્રી) હર્ષ સંઘવીનો ફોટો મુકવાનુ ભાજપ સંગઠનની સાથે સાથે સહકારી સંસ્થાઓ અને નગરપાલિકાના સત્તાધીશો અને સાંસદ દ્વારા ભુલાઈ જવામાં આવ્યુ છે. આ ગંભીર બેદરકારીને કારણે




ભાજપના કાર્યકરો અને રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. મળતી માહિતી અનુસાર જિલ્લા ભાજપ સંગઠન દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના અભિવાદન સમારોહના હોર્ડિંગ્સોમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ, રાષ્ટ્રીય પ્રમુખ, કેન્દ્રીય ગૃહમંત્રી, સ્થાનિક ધારાસભ્ય અને સાંસદ સહિતના અગ્રણીઓના ફોટા મુકવામાં આવ્યા છે. પરંતુ રાજયના મહત્વના મંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો ફોટો ગેરહાજર છે.

હોર્ડિંગ્સોમાં આટલા મોટા અને પ્રભાવી નેતાનો ફોટો મુકવાનુ ભુલાતા અનેક સવાલો ઉભા થયા છે. શું આ માત્ર એક ભુલ છે કે પછી કોઈ ઈરાદાપૂર્વકની બેદરકારી ? કાર્યક્રમ પુર્વે જ આ હોર્ડિંગ્સો વિવાદનુ કેન્દ્ર બન્યા હતા અને હવે આ ચુક માટે જવાબદાર કોણ છે તે અંગે જિલ્લા ભાજપ સંગઠન, સહકારી સંસ્થાઓ, નગરપાલિકા સત્તાધીશો પર સવાલો ઉઠી રહ્યા છે. જિલ્લા ભાજપના આગેવાનોમાં પણ આ મામલે ગણગણાટ શરૂ થયો છે. પ્રદેશ ભાજપ પ્રમુખના હોર્ડિંગ્સોમાં આ પ્રકારની ચુક થવી એ ગંભીર બેદરકારી ગણાય અને તેનાથી સંગઠનો , સહકારી સંસ્થાઓ અને નગરપાલિકાની કાર્ય પ્રણાલી ઉપર સવાલો ઉભા થયા છે. હવે જોવાનુ એ રહે છે કે જિલ્લા ભાજપ સંગઠન, સહકારી સંસ્થાઓના સત્તાધીશો અને નગરપાલિકાના સત્તાધીશો આ ભુલ અંગે શું સ્પષ્ટતા કરે છે અને જવાબદાર વ્યકિતઓ સામે કેવા પગલા લેવાય છે.

# અમદાવાદના જમાલપુરમાં મંદિરની જગ્યા પરનુ દબાણ હટાવી ૧૩ હજાર વાર જગ્યા ખુલ્લી કરાઈઃ બિલાલ શેખ દ્વારા કરાયુ હતુ દબાણ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના મોટા ભાગના વિસ્તારોમાં કોર્પોરેશનની જમીનો પર દબાણો જોવા મળે છે, જેમાં પાકકા અને બાંધકામ કરીને કોર્પોરેશનની જમીનને પચાવી લેવા દબાણ ઉભુ કરી દેવામાં આવે છે, જેની સામે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. આવુ જ એક દબાણ જમાલપુરમાં આવેલા ત્રિકમજી મંદિરની જગ્યા પર કરવામાં આવ્યુ હતું. જે કોર્પોરેશન દ્વારા હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

કોર્પોરેશનના સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં આવેલા જમાલપુર વિસ્તારના ત્રિકમજી મંદિરની જગ્યા પર દબાણ ઉભુ કરીને પાકુ બાંધકામ કરી દેવામાં આવ્યુ હતું. આ બાંધકામ આરોપી બિલાલ શેખ દ્વારા કરવામાં આવ્યુ હતું. બિલાલે જમાલપુર ત્રિકમજી મંદિરની જગ્યા પર દબાણ ઉભુ કરીને આ જગ્યા પચાવી પાડી હતી. આ બાંધકામ ગેરકાયદેસર હોવાના કારણે કોર્પોરેશન દ્વારા તેને તોડી પાડવામાં આવ્યુ હતું. આ ત્રિકમજી મંદિર જમાલપુર કાચની મસ્જીદ પાસે આવેલુ છે, જયાં ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે. ગેરકાયદેસર બાંધકામો દુર કરીને ૧૩ હજારવાર જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. દબાણ ઉભુ કરવાના મામલે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બિલાલ શેખ સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ત્રિકમજી મંદિરની જગ્યા પચાવનારા આરોપીના બાંધકામ મનપાનુ બુલડોઝર ફરી વળ્યુ છે. તો પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે જમાલપુર કાચની મસ્જીદ પાસે આવેલી બિલ્ડીંગ અને અન્ય બાંધકામ તોડી પાડવામાં આવ્યા છે. ભુતકાળમાં લાટી બજાર માટે કોર્પોરેશન દ્વારા આ જગ્યા ફાળવવામાં આવી હતી. ૧૯૯૫ માં લાટી બજાર માટેનો કરાર પુર્ણ થયા બાદ આ જગ્યા પર બિલાલ શેખ દ્વારા પાકુ બાંધકામ કરી દેવાયુ હતું. જેને કારણે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બિલાલ શેખ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

# ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાની શાળામાં ખુલ્લા આકાશ નીચે ભણતા ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં આવેલા સાકવા ગામે પ્રાથમિક શાળાના ઓરડા જર્જરીત હોવાથી એક વર્ષ અગાઉ તોડી પાડવામાં આવ્યા હતા, ત્યારથી આજદીન સુધી નવા ઓરડા બનાવવામાં નહી આવતા ખુલ્લા આકાશ નીચે ભણવા વિદ્યાર્થીઓ મજબુર બન્યા છે.



નેત્રંગ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલા સાકવા પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૮ માં ૧૦૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સાકવા પ્રાથમિક શાળાના ઓરડા જર્જરીત અને ખંડેર હાલતમાં હોવાથી ગમે ત્યારે ધરાશાયી થવાની દહેશત જણાતા આચાર્ય / શિક્ષકો વિદ્યાર્થીઓને તેમાં અભ્યાસ કરાવતા નથી. છેલ્લા બે વરસથી વિદ્યાર્થીઓને ખાનગી વાહનોમાં કાકડકુઈ પ્રાથમિક શાળામાં અભ્યાસ અર્થે મોકલવામાં આવતા હતા પરંતુ કાકડકુઈ પ્રાથમિક શાળાના ઓરડા પણ જર્જરીત અને ખંડેર હાલતમાં હોવાથી ત્યાં પણ વિદ્યાર્થીઓને બેસાડી શકાય તેમ નહી હોવાથી સાકવા પ્રાથમિક શાળામાં જ ખુલ્લા આકાશની નીચે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષથી અભ્યાસ કરવા મજબુર બન્યા છે. ભારે વરસાદના કારણે વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્ય કરી શકતા નથી, આ શાળાનુ મકાન તોડીને નવીન બનાવવા માટેની યોજના હતી પરંતુ સાકવા પ્રાથમિક શાળાના જર્જરીત અને ખંડેર ઓરડા તોડી પાડયાને એક વર્ષ જેટલો લાંબો સમય પસાર થવા છતાં આજદીન સુધી નવા ઓરડાની કામગીરી શરૂ કરાઈ નથી.

### તા.૧૬ થી ૨૨ નવે. દરમિયાન જિલ્લાના વિવિધ સ્થળોએ વિધાનસભા દીઠ પદયાત્રા યોજાશે

# પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાનાર એકતા પદ યાત્રાના આયોજન બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં પદયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. આ કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે જિલ્લાના પ્રભારી મંત્રી અને શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.



બેઠકમાં જિલ્લા કલેકટર લલીત નારાયણ સિંધ સાંદુ એ મંત્રી સમક્ષ કાર્યક્રમની રૂપરેખા રજુ કરતા જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ ના અવસરે એક ભારત આત્મનિર્ભર ભારત ના સુત્ર સાથે સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૧૬ થી ૨૨ નવેમ્બર દરમિયાન ભવ્ય પદયાત્રા યોજાશે. જે અંતર્ગત વિધાનસભા દીઠ એક પદ યાત્રાનુ આયોજન કરાશે. જેમાં જિલ્લા કક્ષાની પદયાત્રા હિંમતનગર ખાતે યોજાશે.

પ્રત્યેક પદયાત્રામાં વિવિધ સામાજિક સંસ્થાઓ સહિત બહોળી સંખ્યામાં નાગરીકો જોડાશે. જિલ્લા કક્ષાની પદયાત્રા પૂર્વે વિવિધ સ્પર્ધાઓનુ પણ આયોજન કરાશે. સરદાર સ્મૃતિ વનની સ્થાપના કરવાની સાથે એક પેડ મા કે નામ અભિયાન હેઠળ ૫૯૨ વૃક્ષો વાવવામાં આવશે. આ ઉપરાંત સખી મંડળના સ્ટોલ્સ ઉપરાંત આરોગ્ય કેમ્પનુ આયોજન, મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુકિત અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા અને યોગ તથા આરોગ્ય શિબિરો યોજાશે. સરદાર@ ૧૫૦ યંગ લીડર કવીઝ, સરદાર@ ૧૫૦ નિબંધ સ્પર્ધા અને રાષ્ટ્રીય રીલ પ્રતિયોગીતા યોજાશે. જેના માટે **my bharat** પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી શકાશે. આ આયોજનમાં મહત્તમ નાગરીકો ભાગ લે તે પ્રકારનુ સુચારૂ આયોજન કરવા મંત્રીએ જરૂરી સુચનો સાથે માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. મંત્રીએ મહત્તમ લોકો આ પદયાત્રામાં સહભાગી બને તે માટે જિલ્લાના પદાધિકારીઓ સાથે પણ સંકલનમાં રહીને કામગીરી કરવા સુચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, નગરપાલિકા પ્રમુખ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, તમામ પ્રાંત અધિકારીઓ સહિત સંકલન સમિતિના સૌ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિછીંયામાં જગતના તાતે બે વરસથી પાક ફેઈલ થઈ જતા ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

# રાજકોટ જિલ્લામાં વધુ બે ખેડુતોએ કર્યો આપઘાત : ૩ પાક નિષ્ફળ જતા અરડોઈમાં ખેડુતે ઝેરી દવા ગટગટાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં પડેલા માવઠાના મારથી જગત ના તાતની સ્થિતિ કફોડી બની છે, કપાસ, મગફળી જેવા મોટા ભાગના પાક નિષ્ફળ જતા ખેડુતો દેવામાં ડુબી જવાથી આત્મહત્યા કરી રહ્યા છે. રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી અને વિંછીયા પંથકના બે ખેડુતોએ પાક નિષ્ફળ જવાથી ચિંતામાં આવી જઈ જીંદગી ટુંકાવી લેતા પંથકમાં અરેરાટી મચી જવા પામી છે.



મળતી માહિતી પ્રમાણે કોટડા સાંગાણીના અરડોઈ ગામે રહેતા દિલીપભાઈ નાગજીભાઈ વીરડીયા (ઉ.વ.૫૦) એ ગઈ કાલે સોમવારે ગામની સીમમાં આવેલી વાડીએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પુત્ર જયારે પિતાને તેડવા માટે વાડીએ પહોચ્યો ત્યાં દવા પીધેલી હાલતમાં જોતા બાઈક પર બેસાડી તાકીદે સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ સારવાર કારગત ન નિવડતા દમ તોડી દીધો હતો. બનાવ અંગે કોટડા સાંગાણી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. ઘટનાના પગલે ગામના સરપંચ સહિતના લોકો દોડી આવ્યા હતા.

મૃતક દિલીપભાઈએ ૧૨ વિઘા પોતાની જમીન છે અને ૨૮ વિઘામાં ભાગ્યુ રાખ્યુ હતુ, બંને જમીનમાં મગફળી, કપાસ અને જીરૂની વાવણી કરી હતી પરંતુ કમોસમી વરસાદ વરસતા પાથરા પલળી ગયા હતા અને ૧૦ લાખનુ નુકશાન થયુ હતુ, અગાઉ ડુંગળી વાવવામાં આવી હતી એ પાક પણ નિષ્ફળ ગયો હતો. ગત વરસે દિકરીના લગ્ન કરવામાં આવ્યા હતા. તેનુ પણ દેવુ ચુકવવાનુ હોય આ વરસે સારો વરસાદ થતા સૌ ચાલુ વર્ષ સારૂ જવાથી બધુ દેવુ ચુકવાઈ જશે તેવી આશા હતી પરંતુ ગણતરીના દિવસો પુર્વે જ વરસેલા કમોસમી વરસાદે દિલીપભાઈની આશાઓ ઉપર પાણી ફેરવી દેતા દેવા નીચે દબાયેલા ખેડુત કેટલાક દિવસોથી ચિંતામાં રહેતા હતા, અંતે ગઈ કાલે સોમવારે વાડીએ જઈ પગલુ ભરી લેતા નાના એવા ગામડામાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતું. પરીવારે ઘરના મોભી ગુમાવતા ઘેરો કલ્પાંત સર્જાયો છે. અન્ય એક બનાવમાં વિંછીયા તાલુકાના રેવાણીયા ગામે રહેતા દાનાભાઈ રામજીભાઈ જાદવ (ઉ.વ.૬૦) એ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા ગામમાં અરેરાટી મચી જવા પામી છે. ખેડુત પ્રૌઢ એ વાવણી માટે રાખેલી વાડીમાં મગફળી સહિતના પાકનુ વાવેતર કર્યુ હતુ પરંતુ કમોસમી વરસાદ વરસતા તૈયાર થવાની આરે ઉભેલા પાકના પાથરાનો સોથ વળી જતા ખેડુતને મોટુ નુકશાન થયુ હતું.

ગત વરસે પણ પાક નિષ્ફળ જતા આર્થિક ભીંસમાં મુકાયેલા પ્રૌઢ ખેડુતે અંતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવના પગલે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા ખેડુતો માટે ૧૦ હજાર કરોડનુ આર્થિક સહાય પેકેજ જાહેર કર્યુ છે પરંતુ ખેડુતોને થયેલા ભારેખમ નુકશાન સામે આ સહાય નિઃસહાય હોય તેમ દેવામાં ડુબેલા સૌરાષ્ટ્રમાં ખેડુતો આપઘાત કરી રહ્યા છે.

# વિધાનસભાની ૨૦૨૭ ની ચુંટણીમાં ભાજપ સરકારનુ ફીંડલુ વળી જશેઃ દિલ્હીમાં ગુજરાતના મંત્રીઓ નકકી કરાય છેઃ આમ આદમી પાર્ટી

પ્રતિનિધિ,ગાંધીનગર

દેવભુમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ત્રણ પાટીયા નજીક આમ આદમી પાર્ટી દ્વારા કિસાન મહાપંચાયતનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કિસાન મહાપંચાયતને આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, હેમંત ખવા સહિતના ખેડુત નેતાઓએ સંબોધન કર્યુ હતુ, આમ આદમી પાર્ટીએ ખેડુતોના સંપૂર્ણદેવા માફી સહિત કુલ ૧૦ જેટલા મુદ્દાઓની માંગણી સરકારને કરી હતી. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આઈબીના સુત્રોના હવાલેથી કહ્યુ હતુ કે આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ૮૫ બેઠક મળશે જયારે આમ આદમી પાર્ટીને ૭૫ થી વધુ અને કોંગ્રેસને માત્ર ૧૦ બેઠક મળશે. આગામી દિવસોમાં આમ આદમી પાર્ટીને ૧૫૦



ઈસુદાન ગઢવીએ કહ્યુ ૨૦૨૭ ની ચુંટણીમાં ભાજપને માત્ર ૮૫ બેઠક મળશે : ગોપાલ ઈટાલીયા એ કહ્યુ ગુજરાત સરકાર એટલે સંગીત ખુરશીની રમત

થી વધુ બેઠક મળે તેવા પ્રયત્નો કરવાના છે, સાથે જ તેમણે ગુજરાતમાં પ્રધાનમંત્રી પાક વિમા યોજનાને લઈને કહ્યુ હતુ કે પીએમ મોદી કહે છે કે ખેડુતોને પાક વિમો મળશે પરંતુ ગુજરાતના કોઈ ખેડુતને પાક વિમો મળતો નથી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ખેડુત મહાપંચાયતને સંબોધતા ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યુ હતુ કે ગુજરાત સરકાર હવે સરકાર નહી પણ સર્કસ બની ગઈ છે. તેમણે આક્ષેપ કર્યો કે દિલ્હી થી નકકી થાય તે જ ગુજરાતમાં મંત્રી બને છે. તેમણે મંત્રીઓની નિમણુંકને સંગીત ખુરશીની રમત સાથે સરખાવી હતી. સંગીત બંધ થતા ખાલી રહેલી ખુરશી પર બેસી જનાર મંત્રી બની જાય છે. બાકીના બહાર નીકળી જાય છે. યુવરાજસિંહ જાડેજાએ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સાંઠ ગાંઠ હોવાનો આરોપ મુકયો હતો. જો કોંગ્રેસે ભાજપ સાથે મુજરો ન કર્યો હોત તો તેઓ આજે સત્તામાં હોત, તેમ તેમણે જણાવ્યુ હતુ. ગુજરાત મોડેલ સ્ટેટ હોવા છતાં ખેડુતો માટે કૃષિ પાક વિમો નથી, આ સુવિધા ખેડુતોને કેમ નથી મળતી તેવો સવાલ કોંગ્રેસ પણ કરતી નથી. દેવા માફી, પાક વિમો અને અન્ય ખેડુત લક્ષી મુદ્દાઓને લઈને યોજાયેલી આ કિસાન મહાપંચાયતમાં હજારોની સંખ્યામાં ખેડુતો ઉમટયા હતા.

# દાદાની સરકારમાં હવે આંદોલનની સીઝન આવી રહી હોય તેવુ લાગી રહ્યુ છે? પાટીદારો બાદ હવે ક્ષત્રીય સમાજે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૧૦ ટકા અનામતની માંગ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સમયમાં આંદોલનની મૌસમ ખીલવાની હોય તેમ હવે સામાજિક સંસ્થાઓ તેમજ જ્ઞાતિના લોકો આંદોલન કરવા દાદાની સરકારમાં બાંયો ચડાવી બેઠા છે. ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજય ચુંટણીપંચ દ્વારા કેટલીક મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં બેઠકોની ફાળવણી માટેનુ રોટેશન પણ જાહેર કરવામાં આવ્યુ છે. ત્યારે આ ચુંટણી અગાઉ જ અનામતને લઈને મામલો ગરમાયો છે. પાટીદાર સમાજ બાદ હવે ક્ષત્રીય સમાજે ૫ ચુંટણીમાં ૧૦



ટકા અનામત આપવાની માંગ કરી છે. ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ જ અનામતનો મામલો ગરમાયો છે. પાટીદાર સમાજ બાદ ક્ષત્રીય સમાજે પણ ચુંટણીમાં ૧૦ ટકા અનામતની માંગ કરી છે. બિન અનામત વર્ગને ૧૦ ટકા અનામત આપવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકીય ભાગીદારીમાં પણ અનામત આપવાની માંગ કરવામાં આવી છે. કોઈપણ સમાજને અન્યાય ન થાય તેવી ચુંટણીપંચને રજુઆત કરવામાં આવી છે.

રાજપુત સંકલન સમિતિના ટ્રસ્ટી રમજુભા જાડેજાએ કહ્યુ હતુ કે હાલમાં ચાલી રહેલી એસઆઈઆર ની કામગીરીમાં ચુંટણીપંચને રજુઆત કરીએ છીએ કે સાચા મતદારોનો અધિકાર જળવાય અને મતદારોને બિનજરૂરી તકલીફો ન પડે તે પ્રકારનુ સુપરવિઝન કરવામાં આવે, બિન અનામત વર્ગને ભારત સરકારના મતદાર સુધારણા વિભાગ દ્વારા ૧૦ ટકા અનામત આપવામાં આવી છે. આ અનામતનો રાજકીય ભાગીદારીમાં પણ અમલ થાય તેવી માંગ થયેલી છે. કોઈને પણ અન્યાય ન થાય તે પ્રકારની કામગીરી થવી જોઈએ.

# ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદીની એસઆઈઆર અંતર્ગત કલેકટર મેહુલ દવે દ્વારા વિવિધ સ્થળોની રૂબરૂ મુલાકાત કરવામાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લા કલેકટર, જિલ્લા ચુંટણી અધિકારી મેહુલ દવેના વિશેષ માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા માટે જાહેર કરાયેલી માર્ગદર્શિકા મુજબ કામગીરી શરૂ કરવામાં આવી છે, જેના સુચારૂ અમલીકરણ અને આયોજન બાબતે કલેકટર મેહુલ દવે દ્વારા રૂબરૂ મતદાર યાદી સુધારણા અંતર્ગત ચાલતી કામગીરીની વિવિધ સ્થળે ચકાસણી કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ગાંધીનગર



શહેરી વિસ્તારમાં આવેલ બુથ નં. ૨૦૯, સેકટર ૨૭ ની સોમેશ્વર સોસાયટી ખાતે ઘર નં. ૮૪૩ માં રહેતા રાજેશભાઈ ભીખુભાઈ વસાવાના ઘરે મતદાર સુધારણાની ચાલી રહેલી કામગીરી રૂબરૂ નિહાળતા કલેકટર દ્વારા રાજેશભાઈના પરીવાર તથા આસપાસના લોકોને એસઆઈઆર અંતર્ગત ચાલતી મતદાર સુધારણા કામગીરીની મહત્વતા સમજાવવામાં આવી હતી.

કલેકટર દ્વારા લેવામાં આવેલી આ મુલાકાત દરમિયાન એસઆઈઆરની કામગીરી પ્રત્યે લોકોનો સારો પ્રતિસાદ જોવા મળતા તેમણે સંતોષ વ્યકત કરતા, આ કામગીરી સાથે જોડાયેલા તમામ કર્મયોગીઓને બિરદાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે કલેકટરની આ મુલાકાત અંતર્ગત પ્રાંત અધિકારી ગાંધીનગર પાર્થ કોટડીયા, મામલતદાર મહેશ ગોહિલ, સેકશન ઓફીસર રાહુલ ચૌહાણ, બીએલઓ ફોરમબેન પટેલ પણ જોડાયા હતા.

# વાપીમાંથી ગેરકાયદે વસવાટ કરતો બાંગ્લાદેશી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો સામેની કાર્યવાહીના ભાગરૂપે, વલસાડ જિલ્લાના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ ની ટીમે વાપી વિસ્તારમાંથી એક બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરી છે. આ ઈસમ પાસપોર્ટ અને વિઝા વિના ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશીને વસવાટ કરી રહ્યો હતો.SOGની ટીમ વાપી વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન તેમને ફારૂક શેખ નામનો એક શંકાસ્પદ ઈસમ મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી ત્યારે તે હિન્દી ભાષામાં ઉડાઉ અને ગેરમાર્ગે દોરનારા જવાબો આપી રહ્યો હતો, જેના કારણે પોલીસને તેની પર શંકા વધુ દૃઢ થઈ હતી. સઘન પૂછપરછ અને તપાસના અંતે, આરોપીએ આખરે પોતાનું સાચું નામ મહંમદ ફારૂક હુસૈન મીયા (ઉંમર ૪૦ વર્ષ) હોવાનું કબૂલ્યું હતું. તેણે વધુમાં જણાવ્યું હતું કે તે મૂળ બાંગ્લાદેશના બ્રાહમનબારીયા વિસ્તારનો રહેવાસી છે. પોલીસને પકડાયેલા આ ઈસમ પાસેથી બાંગ્લાદેશ સરકારનું નેશનલ આઈડી કાર્ડ મળી આવ્યું હતું, જેના પરથી તેની બાંગ્લાદેશી નાગરિક તરીકેની ઓળખની સત્તાવાર પુષ્ટિ થઈ હતી. સ્પષ્ટ થયું હતું કે તે કોઈપણ કાયદેસર દસ્તાવેજ (પાસપોર્ટ કે વિઝા) વગર ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતો હતો.

# સુરતથી પકડાયો ૭૫૪ કિલોનો શંકાસ્પદ પનીરનો જથ્થો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત મહાનગરમાં નકલી થી અને પનીરના ઉપરાછાપરી કિસ્સા નોંધાઈ રહ્યા છે. એક બાજુ આરોગ્ય મંત્રી પફુલ પાનસેરીયાએ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ મુદ્દે આકરી કાર્યવાહીનો સૂર આલાપ્યો હતો. વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ભેળસેળિયાઓ સામે કાર્યવાહીની માંગ કરી છે. બીજી બાજુ નકલી ઘી અને પનીરની બૂમ અકબંધ હોય એમ ખટોદરાની સુરભી ડેરીમાંથી ૭૫૪ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો પકડાયો છે. ૧.૮૧ લાખનો શંકાસ્પદ પનીરનો જથ્થો સીઝ કર્યા બાદ હવે સેમ્પલ રિપોર્ટ પર દારોમદાર રાખવામાં આવીરહ્યો છે. સુરતમાં ખટોદરા વાડી સોમાકાનજીની વાડી પાસે આઈ એનએસ હોસ્પિટલની પાછળ આવેલા સોરઠિયા કમ્પાઉન્ડમાં આવેલી સુરભી ડેરીમાં પાલિકાના ફૂડ ઈન્સ્પેકશન વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસરો અને એસઓજીના સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ હાથ ધરાઈ હતી.